# શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ., બાબેન–બારડોલી

## <u>વાવેતર માંગણી પત્રકનાં નિયમો</u>

**રોપાણ સીઝન : ૨૦૨૨–૨૦૨૩ (પીલાણ સીઝન : ૨૦૨૩–૨૦૨૪)**

સવિનય જણાવવાનું કે, વાવેતર સીઝન : ૨૦૨૨–૨૦૨૩ માં કેટલુ વાવેતર કરવા માંગો છો, તેની પૂરી વિગત જણાવ્યા મુજબ ઝોનસુપરવાઈઝરને તા. **૧૮–૦૭–૨૦૨૨** થી તારીખ: **૨૫–૦૭–૨૦૨૨** સુધીમાં આપવા વિનંતી છે.

:: <u>પત્રક ભરતી વખતે નીચે જણાવેલ મુદ્દાઓ ધ્યાનમાં રાખી માંગેલ વિગત આપશો</u> ::

૦૧. શેરડીની કાપણી વખતે મંડળીમાંથી કાપણી પ્રોગ્રામ આપવામાં આવશે, તે મુજબ તમારે તમારી શેરડી કાપણી કરાવી કારખાને મોકલવાની રહેશે.

૦૨.(ક) સભાસદોએ પોતાની તેમજ સંયુકત કુટુંબની જમીનમાં **૮૦ કીલોમીટર** સુધીનાં ગામે વાવેતર કરવું હશે, તો **૧ લી સપ્ટેમ્બર–૨૦૨૨ થી ૧૫ મી એપ્રિલ–૨૦૨૩ સુધી** વાવેતર કરવા માંગેલ વિસ્તારની પૂરેપૂરી મંજૂરી આપવામાં આવશે.

(ખ) સભાસદોએ પોતાની કે સંયુકત કુટુંબની જમીનના પુરાવા માટે ૭/૧૨ અને ૮–અ કે પેઢીનામું કે દસ્તાવેજની તાજી નકલ ઝોન સુપરવાઈઝરને આપવાની રહેશે. રોપાણ નોંધ કર્યા બાદ નકલ કે પેઢીનામું આપવામાં આવશે નહી તો તેની રોપાણ તારીખ: ૦૧.૧૧.૨૦૨૨ ગણવામાં આવશે.

***સંયુકત કુટુંબમાં માતા / પિતા / પુત્ર /પતિ–પત્ની/ પુત્રવધુ/અપરિણિત પુત્રી / સગાભાઈ / સગાભાઈની પત્ની / સગાભાઈના પુત્ર / પુત્રવધુ / અપરણિત પુત્રી / અપરણિત સગી બેન / સગા કાકા–કાકી/ સગા કાકાનાં પુત્ર / સગા કાકાની અપરણિત પુત્રીનો સમાવેશ કરી શકાશે.***

(ગ) અગાઉ તા. ૦૫.૦૧.૨૦૨૨ નાં રોજ સભાસદજોગ પત્રિકામાં જણાવ્યા મુજબ પોતાની કે સંયુકત કુટુંબની જમીનમાં રોપી શકાશે.

**<u>(૦૧) ૧ લી સપ્ટેમ્બર–૨૨ થી ૧૫ મી એપ્રિલ–૨૩ સુધી રોપવાની જાતો :–</u>**

**(અ) ગ્રુપ:** (૧) કો. ૮૬૦૩૨, (૨) કો. ૯૯૦૦૪, (૩) કો. ૯૭૦૦૯ (એમ.સી. ૭૦૭), (૪) કો. ૦૯૦૦૪, (૫) કો. ૧૪૦૦૫, (૬) કો. ૧૧૦૧૫, (૭) કો.સી. ૬૭૧, (૮) કો. ૦૨૩૮ (૯) કો. ૧૦૦૨૭, (૧૦) કો. ૧૨૦૦૯, (૧૧) કો. ૧૩૦૦૩, (૧૨) કો. ૧૩૦૦૮, (૧૩) કો. ૧૩૦૧૩, (૧૪) કો. ૧૩૦૧૪, (૧૫) કો. ૧૩૦૧૮, (૧૬) કો.એન.૧૩૦૭૨, (૧૭) કો. ૧૪૦૦૨, (૧૮) કો. ૧૪૦૧૨, (૧૯) કો. ૧૫૦૦૭.

**(બ) ગ્રુપ:** (૧) કો. ૮૬૦૦૨, (૨) કો. ૦૨૧૨

➢ તા. ૦૧.૦૯.૨૨ થી તા. ૦૭.૦૯.૨૨ દરમ્યાન રોપાણ થયેલ (બ) ગ્રુપની જાતોની રોપાણ તારીખ : ૦૮.૦૯.૨૦૨૨ ગણી નોંધ કરવામાં આવશે. તેમજ ૧ લી સપ્ટેમ્બરનાં એક આંખનાં રોપાનું રોપાણ કરેલ હશે, તો તેની રોપાણ તા. ૦૨.૦૯.૨૦૨૨ ગણવામાં આવશે.

**<u>ખાસનોંધ:</u>**

(૧) <u>૧ લી સપ્ટેમ્બરથી</u> (અ) અને (બ) ગ્રુપની બીયારણ કાપણી કરી રોપાણ શરૂ કરી શકાશે, પરંતુ ૧ લી સપ્ટેમ્બર પહેલા બીયારણની સાફસફાઈ, નીકીયામાં અગાઉથી પિયત આપી રોપાણ કરવું નહિં, નહિંતર તેની રો.તા. ૦૧.૧૦.૨૦૨૨ ગણવામાં આવશે.

(૨) ૧ લી સપ્ટેમ્બરથી (અ) ગ્રુપની શેરડી એક આંખનાં રોપાથી રોપાણ કરેલ હશે, તો તેની રોપાણ તારીખ : ૦૨.૦૯.૨૦૨૨ ગણવામાં આવશે.

(૩) ફકત સભાસદ પોતાની જમીનમાં તા. ૦૧.૦૯.૨૦૨૨ થી તા. ૦૭.૦૯.૨૦૨૨ દરમ્યાન રોપાણ થયેલ (અ) ગ્રુપની જાતોને પ્રથમ પાણીબંધ કરી કાપણી કરવામાં આવશે. ત્યારબાદ સભાસદે તા. ૦૮.૦૯.૨૦૨૨ થી તા. ૨૦.૦૯.૨૦૨૨ સુધીમાં (અ) અને (બ) ગ્રુપની જાતોનું કરેલ રોપાણનું પાણીબંધ કરી કાપણી કરવામાં આવશે, ત્યારબાદ સભાસદ બીજાની જમીન / નો. સભાસદે તા. ૦૧.૦૯.૨૦૨૨ થી તા. ૨૦.૦૯.૨૦૨૨ સુધીમાં કરેલ રોપાણનું પાણીબંધ કરી કાપણી કરવામાં આવશે., તેમજ રોપાણ પાકની છૂટેલી લામને જે તે માસ મુજબ કાપણી કરવામાં આવશે.

**(૦૨) <u>૨૧ મી સપ્ટેમ્બર–૨૨ થી તા. ૧૫ મી એપ્રિલ–૨૩ સુધી રોપવાની જાતો :–</u>**

➢ (૧) કો.એમ. ૦૨૬૫ (૨) કોવીએસઆઈ ૦૮૦૦૫, (૩) કો.એન. ૧૩૦૭૩

**<u>ખાસનોંધ:</u>**

(૧) <u>૨૧ મી સપ્ટેમ્બરથી</u> જ બીયારણ કાપણી કરી રોપાણ શરૂ કરી શકાશે, પરંતુ ૨૧ મી સપ્ટેમ્બર પહેલા બીયારણની સાફસફાઈ, નીકીયામાં અગાઉથી પિયત આપી રોપાણ કરવું નહિં, નહિંતર તેની રો.તા. ૨૧.૧૦.૨૦૨૨ ગણવામાં આવશે.

(૨) ૨૧ મી સપ્ટેમ્બરે એક આંખનાં રોપાથી શેરડી રોપાણ કરેલ હશે, તો તેની રોપાણ તારીખ : ૨૨.૦૯.૨૦૨૨ ગણવામાં આવશે.

(૩) તા. ૨૧.૦૯.૨૦૨૨ થી તા. ૧૫.૦૪.૨૦૨૩ સુધી સંસ્થાએ મંજૂરી આપેલ તમામ જાતોને રોપાણ તારીખ મુજબ પાણીબંધ કરી કાપણી કરવામાં આવશે.

૦૩.(ક) સભાસદોએ બીજાની જમીનમાં (સંસ્થાના સભાસદ ન હોય તેની જમીનમાં) ૮૦ કી.મી. સુધીનાં ગામોએ વાવેતર કરવુ હશે તો તેમને નીચે જણાવ્યા મુજબ તા. ૧૫.૦૪.૨૦૨૩ સુધી વાવેતર કરવા સભાસદની પોતાની / સંયુકત કુટુંબની જમીનમાં મંજૂરી આપ્યા બાદ જરૂરિયાત મુજબનું રોપાણ બીજાની જમીન માટે માંગેલ મંજૂરી આપવામાં આવશે.

(ખ) <u>સભાસદોએ બીજાની જમીનમાં ૧ લી સપ્ટેમ્બર–૨૦૨૨ થી ૧૫ મી એપ્રિલ–૨૦૨૩ સુધી રોપવાની શેરડીની જાતો:</u>
(૪) કો. ૯૭૦૦૯ (એમ.સી. ૭૦૭), (૫) કો. ૦૨૩૮, (૬) કો.
(૧) કો. ૮૬૦૩૨, (૨) કો. ૯૯૦૦૪ (૩) કો.સી. ૬૭૧, (૪) ... (૯) કો. ૧૨૦૦૯, (૧૦) કો. ૧૩૦૧૩, (૧૧) કો. ૧૪૦૦૨,
૦૯૦૦૪, (૭) કો. ૧૧૦૧૫ અને (૮) કો. ૧૪૦૦૫,
(૧૨) કો. ૧૩૦૧૪, (૧૩) કો. ૮૬૦૦૨.

**<u>ખાસનોંધ:</u>**

(૧) <u>૧ લી સપ્ટેમ્બરથી</u> બીયારણ કાપણી કરી રોપાણ શરૂ કરી શકાશે, પરંતુ ૧ લી સપ્ટેમ્બર પહેલા બીયારણની સાફસફાઈ, નીકીયામાં અગાઉથી પિયત આપી રોપાણ કરવું નહિં, નહિંતર તેની રો.તા. ૦૧.૧૦.૨૦૨૨ ગણવામાં આવશે.

(૨) ૧ લી સપ્ટેમ્બરે એક આંખનાં રોપાથી શેરડી રોપાણ કરેલ હશે, તો તેની રોપાણ તારીખ: ૦૨.૦૯.૨૦૨૨ ગણવામાં આવશે.

(૩) ફકત સપ્ટેમ્બર માસમાં નોંધાયેલ શેરડી પર ટનદીઠ રૂા. ૫૦/– (પચાસ) કપાત કરવામાં આવશે.

(ગ) **<u>સભાસદોએ બીજાની જમીનમાં ૧ લી ઓકટોબર–૨૦૨૨ થી ૧૫ મી એપ્રિલ–૨૦૨૩ સુધી રોપવાની શેરડીની જાતો</u>.**
**(૧) કો. ૦૨૧૨, (૨) કો.એન. ૧૩૦૭૨, (૩) કો.એમ. ૦૨૬૫, (૪) કો. ૧૫૦૦૭, (૫) કો.વીએસઆઈ ૦૮૦૦૫, (૬) કો.એન. ૧૩૦૭૩**

ખાસ નોંધ: (૧) તારીખ: ૦૧.૧૦.૨૦૨૨ થી વાવેતર કરવાની જાતોનું **વાવેતર તા. ૦૧.૧૦.૨૦૨૨ થી જ શરૂ કરી શકાશે**, બીજ કાપણી પણ તા. ૦૧.૧૦.૨૦૨૨ થી જ કરવાની રહેશે. ચકાસણી કરતા તા. ૦૧.૧૦.૨૦૨૨ પહેલા બીજ કાપીને રોપાણ શરૂ કરેલ હશે, તો તેની રોપાણ તારીખ : ૦૧.૧૧.૨૦૨૨ ગણવામાં આવશે.
(૨) ૧ લી ઓકટોબરે એક આંખનાં રોપાથી શેરડી રોપાણ કરેલ હશે, તો તેની રોપાણ તારીખ: ૦૨.૧૦.૨૦૨૨ ગણવામાં આવશે.

૦૪. જે માસમાં જેટલું વાવેતર મંજૂર કરેલ હશે, તેટલું જ વાવેતર કાયદેસર ગણાશે. વાવેતર માંગણી જે ગામે જે બ્લોક નંબરમાં જેટલા વિસ્તારની કરેલ હશે તેટલા જ વિસ્તારની નોંધ કરવાની રહેશે. **માંગણી કરેલ ગામ સિવાય બીજા ગામે રોપાણ નોંધ કરવામાં આવશે, તો તે નોંધ રદ કરવામાં આવશે. મંજૂર કરેલા વાવેતરનો મંજૂરી કાર્ડ આપવામાં આવશે. જે ગામે નોંધ કરવાનું જણાવવામાં આવે તે જ ગામે રોપાણ નોંધણી કાર્ડમાં નોંધ કરવાની રહેશે. કાર્યક્ષેત્ર બહારનાં ગામે ૧૫ એકરથી ઓછી માંગણી આવશે તો રોપાણની મંજૂરી આપવામાં આવશે નહી. કા.વિ.બ. મંજૂરી આપવામાં આવેલ હશે તો પુરેપુરા વિસ્તારની જે તે માસમાં એક સાથે આપેલ મંજૂરી મુજબ રોપાણ કરવાનું રહેશે. ઓછા વિસ્તારની નોંધ થયેલ હશે તો નોંધ રદ કરવામાં આવશે.**

૦૫. વાવેતર કરેલ જમીન અંગે ભવિષ્યમાં કોઈપણ તકરારી પ્રશ્નો ઉભા થશે તો તેની જવાબદારી મંડળીની રહેશે નહી. શેરડી મંડળીમાં આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે સભાસદની રહેશે.

૦૬. સંસ્થાના કાર્યક્ષેત્રના ગામોની શેરડીમાંથી જ જરૂરિયાત મુજબ સંસ્થાએ નકકી કરેલ નીતિ–નિયમ પ્રમાણે બીજની કાપણી કરવામાં આવશે અને સંજોગવસાત જરૂર પડે તો કાર્યક્ષેત્રના બહારના ગામોની શેરડીમાંથી બીજની કાપણી કરવામાં આવશે. પરંતુ સંસ્થામાં સભાસદની પોતાની / સંયુકત કુટુંબની / બીજાની / નોમીનલ સભાસદની જમીનમાં રોપાણ શેરડીની નોંધ થયેલ હોય તેવી શેરડીનું બીયારણમાં સંસ્થા મારફત અથવા અંદરોઅંદર પૂરા થયેલ બ્લોકની શેરડીની લામ જે તે માસમાં આપેલ રોપાણ મંજૂરી મુજબ લામની નોંધ કરવામાં આવશે.

૦૭. શેરડી વાવેતર કરેલ ખેતરમાં ખાલ (ગેપ ફીલીંગ) પડે તેવા સંજોગોમાં જે જાતનું વાવેતર કરેલ હોય તે જ જાતનું બીજ લઈ ખાલ પુરવાની રહેશે.

૦૮. આખા ખેતરમાં જે તે બ્લોકની / સર્વે નંબરની પિયત કામગીરી પુરી થયા બાદ જ રોપાણ તારીખની નોંધ કરવી. ચકાસણી કરતા ખોટી રોપાણ તારીખ માલુમ પડે તો ખરેખર રોપાણ કરેલ તારીખથી ૩૦ (ત્રીસ) દિવસ મોડી નોંધવામાં આવશે. આવા કેસોમાં રોપાણ નોંધ રદ કરવામાં આવશે નહી.

ડ્રીપ ઈરીગેશન પધ્ધતિથી રોપાણ કરેલ હશે તો પુરેપુરા ચાસ ભીંજાય જાય ત્યારબાદ જ રોપાણની નોંધ કરવાની રહેશે. ચકાસણી કરતા પુરેપુરા ચાસ ભીંજાયેલ ન હશે તો મંડળીનાં નિયમ મુજબ રોપાણ તારીખ ૩૦ દિવસ મોડી ગણી રોપાણ નોંધ કરવામાં આવશે. આવા કેસોમાં રોપાણ નોંધ રદ કરવામાં આવશે નહી.

૦૯. વરસાદ કે અન્ય કારણોસર ઉગાવો ન આવે તો ફરી ખેડ કરી શેરડી રોપાણ કરવામાં આવશે તો તેની નોંધ રદ કરી નવી રોપાણ તારીખની નોંધ ફરીથી તે સમયે કરવાની રહેશે.

૧૦. શેરડી વાવેતર વરસાદના પાણીથી પિયત બાદ ૫ (પાંચ) દિવસ સુધી પિયતની કામગીરી થઈ શકશે નહી. જો આ સમયમર્યાદા પહેલા પિયત કરવામાં આવશે, તો ફરીથી પિયત કામગીરી પૂર્ણ થયા બાદ દસ દિવસ પછીની તારીખમાં રોપાણ નોંધ ગણવામાં આવશે.

૧૧. **સભાસદ પોતે એક આંખનાં ટૂકડાથી તૈયાર કરેલ છોડ અથવા એક આંખનાં છોડથી ધરૂવાડિયુ બનાવવા જે તે તારીખથી જે જાતો માન્ય કરેલ છે, તે તારીખથી ૪૦ દિવસ અગાઉ છોડ બનાવી શકશે, અને તૈયાર કરેલ છોડ જે તે તારીખથી માન્ય કરેલ જાતો મુજબ રોપી શકાશે. તેમજ બે છોડ વચ્ચેનું અંતર દોઢ થી બે ફૂટ રાખીને રોપાણ કરવાનું રહેશે. જો વધારે અંતર રાખી તેમાં ફરીથી બે છોડ વચ્ચે અથવા બે ચાસ વચ્ચે રોપાણ કરવામાં આવશે, તો જે તારીખે ફરી રોપાણ કર્યુ હશે તે જ રોપાણ તારીખ ગણાશે. અગાઉની રોપાણ તારીખ રદ ગણવામાં આવશે. <u>એક આંખનાં છોડ રોપાણ કરવાનાં હોય તે ખેતરમાં અગાઉથી છોડ લઈ જનાર હોય તેમણે તે ખેતરનાં એક જ ખૂણે છોડ મુકવાનાં રહેશે.</u> છોડ/ધરૂવાડીયુ બનાવનાર સભાસદે અગાઉથી સંસ્થામાં જાણ કરવાની રહેશે, તેમજ સંસ્થાનાં નિરીક્ષણ હેઠળ છોડ બનાવવાનાં રહેશે. સંસ્થાએ માન્ય કરેલ જાત જે તે માસનું રોપાણને ધ્યાનમાં રાખી બહારથી છોડ લાવીને રોપી શકાશે. પરંતુ જાતની જવાબદારી સંસ્થાની રહેશે નહિં.**

૧૨. વાવેતરની નોંધ એક જ તારીખમાં વધુ આવશે તો તે વિસ્તારનું પાણીબંધ સંસ્થાની અનુકુળતા મુજબ કરવામાં આવશે.

૧૩. **બળેલી શેરડી અંગે મંડળી જે નીતિ–નિયમો નકકી કરે તે તમોને બંધનકર્તા રહેશે.**

૧૪. ફળ–વૃક્ષોવાળી જમીનમાં વાવતેર કરી શકાશે નહિં, જો કરેલ હશે તો તેની નોંધ કરવામાં આવશે નહિં. ડ્રીપ કરેલ ખેતરમાં કાપણી પહેલા ડ્રીપ કાઢી લેવાની રહેશે. નુકશાનીની જવાબદારી મંડળીની રહેશે નહી.

૧૫. રોપાણ માટે લામ શેરડીનો બીજ તરીકે ઉપયોગ કરી શકાશે નહી.

૧૬. **આપવામાં આવેલ મંજૂરી પૈકી મંડળીને જરૂરિયાત મુજબનું વાવેતર થઈ ગયા બાદ રોપાણ નોંધ બંધ કરવામાં આવશે. અને આપેલ મંજૂરી આપોઆપ રદ ગણવામાં આવશે.**

૧૭. **<u>શેરડી બીજની કાપણી કરી રોપાણ શરૂ કરવાની તારીખનાં દસ દિવસ પહેલા ખેતરમાં પિયતની કામગીરી થઈ શકશે નહિં તેમજ શેરડી બીજ જે ખેતરમાંથી લેનાર છે, તે ખેતરમાં ઉભી શેરડીની પતારી સાફ કરી શકાશે નહિં, જો સદર કામગીરી શરૂ કરવામાં આવેલ હશે તો એક માસ પાછળની તારીખ ગણી રોપાણ નોંધ કરવામાં આવશે.</u>**

૧૮. ખેતરનાં સેઢા સુધી વાહન જઈ શકે તેવા જ બ્લોક નંબરમાં શેરડીનું વાવેતર કરી શકાશે. જો તપાસ કરતાં ખેતરનાં સેઢા સુધી વાહન જઈ શકતું ન હશે તો રોપાણ રદ કરવામાં આવશે.

૧૯. બારડોલી સુગર ફેકટરીને શેરડી પૂરી પાડતા ખેડૂતોનું સ્વસહાય જૂથનાં નિયમ મુજબ સંજોગવસાત ખેતરની અંદરથી વાહતુક કરવાનું થશે તો (૧) સુકા ખેતરમાં પ્રતિ **૧૦૦ ફૂટનાં રૂા. ૫૦/–** (અંકે પચાસ પુરા) પ્રતિ ટન, (૨) કાદવ–કીચડ, ખાડા–ટેકરાવાળા ખેતરમાં પ્રતિ **૧૦૦ ફૂટનાં રૂા. ૬૦/–** (અંકે સાંઠ પુરા) પ્રતિ ટન પ્રમાણે વાહતુકની રકમ તમારા ખાતામાંથી કપાત કરી મજૂરોને ચૂકવવામાં આવશે. (નોંધ: ટ્રક / ટ્રેકટર ભરવા મૂકેલ હોય ત્યાંથી છેવટનાં અંતર સુધી ફૂટની માપણી કરી ગણતરી કરવામાં આવશે).

૨૦. નિયમોમાં ફેરફાર કરવાનો હકક મંડળીને અબાધિત રહેશે.

**હેમ પ્રકાશ સિંહ**
**ઈ.ચા. મેનેજીંગ ડીરેકટર**